# કૃષિ સંશોધન કેન્દ્ર દ્વારા ફતેપુરા તાલુકાના ઘાણીખૂંટ ગામે પોષ્ટિક આહાર (શ્રી અન્ન) વિશે ખેડૂત શિબિર કાર્યક્રમ યોજાઈ ગયો

કૃષિ સંશોધન કેન્દ્ર મુવાલિયા ફાર્મ દાહોદ દ્વારા ફતેપુરા તાલુકાના ઘણીખૂંટ ગામે પોષ્ટિક આહાર (શ્રી અન્ન) ની ઉપયોગીતા વિષય પર આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.કે.બી.કથીરીયા સાહેબના માર્ગદર્શન હેઠળ જાગૃતતા કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના અલગ-અલગ ગામના ૨૪૫થી વધુ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં જીલ્લા પંચાયત સભ્ય અને જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન મા. પ્રફુલભાઈ ડામોર ઉપસ્થિત રહી ખેડૂતોને હલકું ધાન એ ખુબજ જુનું ધાન છે. જે આપણા શરીર માટે ખુબજ પોષ્ટિક આહાર માનવામાં આવે છે. અને એ પછી તેની ખેતી કરીને આપણે ખોરાક માં લઈશું તો અવનવા રોગો સામે રક્ષણ આપીશું. વધુમાં કૃષિ સંશોધન કેન્દ્રના વડા ડૉ.આર.જી મછાર દ્વારા સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ-૨૦૨૩ની ઉજવણી થઇ રહી છે ત્યારે આ હલકા ધાન્ય પાકો (શ્રી અન્ન) વિશે વિસ્તુતમાં ચર્ચા કરતા જણાવ્યું કે આ પાકો ને માનવ આહાર તરીકે આપણે આરોગવાના છે અને બદલાતા વાતાવરણ પાણી ની અછત અને જમીન ની તંદુરસ્તીની જાળવણી ની સાથે હલકા ધન્ય પાકો  જેવા કે બાવટો(નાગલી), કોદરા, કાંગ, વરી, બંટી,જુવાર,બાજરી  જેવા પાકોનું વૈજ્ઞાનિક પધ્ધતિથી ખેતી કરી આપણા માનવ આહાર માં પાછા લેવાના છે. કે.વી.કે દાહોદ ના વૈજ્ઞાનિક શ્રીઓ માં ડૉ.જી.કે ભાભોર દ્વારા શ્રી અન્ન નો બહોળો પ્રચાર સારુ સમસ્તરીય ફેલાવો કરવા ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા અને શ્રી.એન.ડી. મકવાણા દ્વારા પ્રાકૃતિક ખેતી થી શ્રી અન્ન નો વૈજ્ઞાનિક ખેતી થી પાક ઉત્પાદન કરવા ખેડૂતો ને પ્રેરિત કર્યા. વધુમાં ડૉ. એસ.એ. ચૌહાણ અને શ્રી આરીફભાઈ શેખ દ્વારા ખેડૂતો ભાઈઓ ને પાક સંરક્ષણ ની માહિતી આપેલ.

# ખેડૂત શિબિર કાર્યક્રમની ઝાંખી








